# હરિફ વર્ગકારણે તમારી પ્રગતિમાં રૂકાવટ રહે



વિક્રમ સંવત ૨૦૬૯ જેમ જેમ પસાર થતું જાય તેમ તેમ આપ હળવાશ રાહત અનુભવતા જાવ. આ વર્ષમાં તા. ૨૩-૧૨-૨૦૧૨ માગશર સુદ અગિયારસથી આપ બારમા રાહુના બંધનમાંથી મુક્ત થઈ જશો અને તા. ૩૧-૫-૨૦૧૩થી મિથુન રાશિમાં ગુરૂનું પરિભ્રમણ શરુ થતા વર્ષના ઉત્તરાર્ધ ભાગમાં આપના હૃદય-મનની પ્રસન્નતા, આનંદ, ઉત્સાહમાં વધારો થાય. વર્ષ દરમિયાન શનિનું પરિભ્રમણ તાંબાના પાયે રહેવાથી અવારનવાર આપને નાણાંકીય લાભ કે અન્ય ફાયદા, પ્રગતિથી વર્ષ દરમ્યાન સાનુકૂળતા રહે. કુટુંબ પરિવારના, મિલ્કતના પ્રશ્ન ઉકેલાય. વિવાદજન્ય પ્રશ્નમાં સમાધાન થાય તે સિવાય સગા-સંબંધી મિત્રવર્ગના સંબંધો, સંસ્મરણો તાજા થાય, મકાન વાહનન કે અન્ય ખરીદી થઈ શકે. પરંતુ તા. ૪-૩-૨૦૧૩થી તા. ૧૩-૪-૨૦૧૩ દરમિયાન તમારા હૃદય-મનને શાંતિ જણાય નહી. મકાન- વાહન- મિલ્કતના, કુટુંબ પરિવારના, ભાઈભાંડુના પ્રશ્નમાં ચિંતા અનુભવાય. તા. ૧૬, ૧૭, ૧૮ ઓગસ્ટ તન, મન, ધનથી વાહનથી સાવવા તા. ૧૬ જુલાઈ તા. ૫ ઓક્ટોબર દરમિયાન નાની મોટી ચિંતા, તકલીફ, શારીરિક કષ્ટપીડા- બંધનમાંથી સમય પસાર થાય.

## આરોગ્ય - સુખાકારી :

વર્ષારંભથી તા. ૩૧-૫-૨૦૧૩ સુધી ગુરૂ ગ્રહની પ્રતિકૂળતાના કારણે માનસિક પરિતાપ- ચિંતા, અસ્વસ્થતા, હતાશા- નિરાશા અનુભવાય. તા. ૨૩-૧૨-૨૦૧૨ સુધી આંખમાં દર્દ-પીડાથી સંભાળવું. તે સિવાય ખભામાં, થાપામાં, ચાલવામાં, વાયરલ ઈન્ફેક્શનમાં તમે તકલીફ અનુભવો. સામાન્ય બીમારીમાં ચિંતા, વહેમના ચક્કરમાં વધારાનો ખર્ચ થઈ જાય. તા. ૧૪ માર્ચથી તા. ૧૩ એપ્રિલ દરમ્યાન બી.પી.ની વધઘટમાં, છાતીમાં, હૃદયમાં દર્દપીડાથી સંભાળવું પડે, ધ્યાન રાખવું પડે. ચિત્તભ્રમ, બુદ્ધિભ્રમના કારણે દવા લેવાની ભુલાઈ જવાથી તકલીફ થઈ જાય. ભૂલમાં વધારે દવા લેવાઈ જાય નહીં તેનું ધ્યાન રાખવું. તા. ૧૬ જુલાઈથી ૫ ઓક્ટબર દરમિયાન આકસ્મિક બીમારી- ચિંતા ખર્ચ આવી જાય પરંતુ ઘાતક જીવલેણ પરિસ્થિતિમાંથી બચી શકો અને તેમાં તમારા જન્મના ગ્રહો તેમજ તમારી, પરિવારની ભક્તિ પૂજાની પ્રધાનતા તમને સાનુકૂળ સંજોગો તરફ લઈ જાય. ચિત્તભ્રમ, બુદ્ધિભ્રમ, હતાશા, નિરાશામાંત મુક્ત થતા જા અને ભગવાને બચાવ્યા તેઓ અહેસાસ, અનુભવ થાય. ટૂંકમાં વર્ષના ઉત્તરાર્ધમાં શારીરિક માનસિક સ્વસ્થતાના કારણે તમારા કાર્યક્ષેત્રમાં ધ્યાન આપી શકો.

## આર્થિક સુખ-સંપત્તિ :

વર્ષારંભે તા. ૨૩-૧૨-૨૦૧૨ સુધી બારમા રાહુના કારણે આપે આપના નાણાંકીય આયોજનમાં ધ્યાન રાખવું. વધારાના ખર્ચા કરવા નહીં. નાણાંકીય જોખમી નિર્ણયો કરવા નહીં. વર્ષ દરમિયાન શનિ તાંબાના પાયે પરિભ્રમણ કરે છે તે અવારનવાર આપને યશ, પદ, ધન અપાવે. ધીમી ગતિએ આગળ વધવાનું થાય. પરંતુ વર્ષના મધ્યભાગથી વર્ષના ઉત્તરાર્ધ સુધી આપની આવકમાં, સુખ-સંપત્તિમાં વધારો થાય. જેમની આવક ન હોય તેમને આવક આવવાની શરુઆત થાય. તા. ૩૧-૫-૨૦૧૩થી ગુરુ ગ્રહની પ્રબળતા શરુ થતા તમારા કામની પ્રગતિ, સફળતાથી હૃદય-મનની પ્રસન્નતા અનુભવાતી જાય. હતાશા, નિરાશા દૂર થાય. મકાન, વાહનની ખરીદી થાય, સંયુક્ત મિલ્કતની વહેંચણી, વિવાદનો પ્રશ્ન ઉકેલાય. ફસાયેલા નાણાં મીલ્કત છુટી થવાથી આપ હળવાશ રાહત અનુભવો, માલીક - ભાડુઆતનો પ્રશ્ન હોય તો ઉકેલાય પરંતુ શેરોની લે-વેચમાં ૨૪ માર્ચથી તા. ૧૪-૫-૨૦૧૩ દરમિયાન જોખમી નિર્ણયો કરવા નહીં, લોભ- લાલચમાં આપને નુકસાન થાય.

## ધન (ભ. ધ. ફ. ઢ.)

તા. ૨૩-૧૨-૨૦૧૨ સુધી બારમા રાહુના કારણે આપે બંધનયુક્ત પરિસ્થિતિમાં રહેવું પડે નાણાંકીય ખેંચ- ચિંતા- મુંઝવણના લીધે મુશ્કેલી અનુભવો વ્યવહારિક, સામાજિક, કૌટુંબિક ખર્ચ, બીમારીનો વધારાનો ખર્ચ, સંતાન માટેનો ખર્ચ નાણાંભીડમા વધારો કરે. કોઈના જામીન બન્યા હોવ, પૈસા આપેલા હોય તો વિવાદ થાય, કાનૂની કાર્યવાહી ચાલતી હોય તો તેમાં તમારી પીછેહઠ થાય અને નાણાંકીય નુકસાન કે અન્ય નુકસાન સહન કરવું પડે. નોકરી- ધંધામાં તમારા નાણાંકીય જવાબદારીવાળા કામમાં તમારી કોઈ ભૂલના કારણે તકલીફમાં મુકાવ નહીં તેનું અવશ્ય ધ્યાન રાખવું. તા. ૪-૩-૨૦૧૩થી તા. ૧૨-૪-૨૦૧૩ સુધીનો સમય અને તા. ૧૮-૮-૨૦૧૩થ તા. ૫-૧૦-૨૦૧૩ સુધીનો સમય આપે ચિંતા- નુકસાન- આકસ્મિક ઉપાધિ મુશ્કેલીમાં પસાર કરવો પડે. આ સમય દરમિયાન તમારી વ્યક્તિગત કે સંયુક્ત મીલ્કતના પ્રશ્નમાં, વાહનના પ્રશ્નમાં ધ્યાન રાખવું પડે. બેંક હપ્તો ભરવામાં, સરકારી નાણાંની ચુકવણીમાં ઈન્કમટેક્ષની હિસાબી કામગીરીમાં, ઈલેક્ટ્રીકના કે ફોનના બિલ ભરવામાં આળસ- બેકાળજી રાખવી નહીં. તે સિવાય તમારી પગારની રકમ, ધંધાની આવક ઘેર લઈ જવામાં રસ્તામાં આવતા જતા સાવધાની રાખવી, ગાફેલ રહેવું નહીં.

## પત્ની - સંતાન સુખ :

જેમ જેમ વર્ષ પસાર થાય તેમ તેમ પત્ની- સંતાનની ચિંતા દૂર થાય. વર્ષ દરમ્યાન ગુરુ ગ્રહનું પરિભ્રમણ આરોહ- અવરોહનું રહે છ તેથી વર્ષારંભથી તા. ૩૧-૫-૨૦૧૩ સુધી પુત્ર- પૌત્રાદિકના પ્રશ્નમાં ચિંતા- ખર્ચ- રૂકાવટ જણાય. તા. ૪ માર્ચથી તા. ૧૩ એપ્રિલ દરમ્યાન પુત્ર- પૌત્રાદિકના વિદ્યાભણતર, વિવાહ લગ્નના પ્રશ્નમાં ધ્યાન રાખવું, ઉંમરલાયક સંતાનના વિચારો, સ્વભાવ, દલીલના કારણે તેમના મિત્રવર્ગના કારણે તમને ચિંતા- મુંઝવણ અનુભવાય. તા. ૩૧-૫-૨૦૧૩થી ગુરુ ગ્રહની પ્રબળતાનો પ્રારંભ થતા સંતાનને વિદ્યાભ્યાસમાં સારી તક પ્રાપ્ત થાય. અવિવાહિત સંતાનના વિવાહ- લગ્નના પ્રશ્નો ઉકેલાય તે સિવાય પત્નીના નસીબ- ભાગ્યથી આપને ફાયદો- લાભ થાય. નોકરી- ધંધામાં સાનુકૂળતા રહે. અવિવાહિતને આ વર્ષમાં વિવાહ લગ્નો પ્રશ્ન ઉકેલાતા આનંદ રહે. પરદેશમાં રહેતા પત્ની પક્ષના સગા- સંબંધી વર્ગમાં તા. ૧૬ જુલાઈથી તા. ૧૬ ઓગસ્ટ દરમિયાન બીમારી, ચિંતાનું આવરણ આવી જાય. પત્નીના આરોગ્યની અસ્વસ્થતાના કારણે આપને આપના રોજીંદા કામમા રૂકાવટ, મુશ્કેલી અનુભવાય, તા. ૧૮ ઓગસ્ટથી તા. ૫ ઓક્ટોબર દરમિયાન સંતાનને વાહનથી, પડવા, વાગવાથી બીમારીથી તકલીફ જણાય.

**- બારમા રાહુના બંધનમાં રહેવાના કારણે તેમજ ગુરુ ગ્રહની પ્રતિકૂળતાના કારણે ચિંતા- બંધનમાં અટવાયેલા રહો.**

## નોકરીમાં વર્ષ કેવું પસાર થાય ?

નોકરીમાં વર્ષારંભે પ્રતિકૂળતા જણાય. હરિફ વર્ગ, ખટપટ ઈર્ષ્યા કરનારના કારણે તમારી પ્રગતિમાં રૂકાવટ રહે. સરકારી, ખાતાકીય કામમાં વિલંબ થાય પરંતુ શનિનું પરિભ્રમણ વર્ષ દરમિયાન તાંબાના પાયે લાભ આપનારું રહેવાથી મોડે મોડે પણ આપને ફાયદો- લાભ થાય, સારી તક પ્રાપ્ત થાય.

તા. ૨૩-૧૨-૨૦૧૨ સુધી આપ બારમા રાહુના બંધનમાં રહેવાના કારણે તેમજ ગુરુ ગ્રહની પ્રતિકૂળતાના કારણે ચિંતા- બંધનમાં અટવાયેલા રહો. ઉપરી અધિકારી, સહકાર્યકર સાથે કામના પ્રશ્ને વાતવાતમાં વિવાદ થાય, ગેરસમજ થાય, નાણાંકીય લાભ, બઢતી પ્રગતિમાં વિલંબ થાય. જેમનું જન્મવર્ષ ઉપરોક્ત સમયમાં બદલાતું હો તેમજ જેમના જન્મના ગ્રહયોગ નબળા હશે તેમને બારમો રાહુ જતા જતા વધારે પીડા આપી જાય. કાનુની કે ખાતાકીય વિવાદ, તપાસ ચાલતી હોય તેમને પોતાની ગણત્રી ધારણા કરતા અવળું બને. શક્ય હોય તો આપે કારતક, માગશર મહિનો શાંતિથી પસાર કરી લેવા. એપ્રિલમાં આક્ષેપ- અપયશ- વિવાદ, બદલી પરેશાનીથી ચિંતા રહે.

તા. ૩૧-૫-૨૦૧૩થી તા. ૧૫-૭-૨૦૧૩ દરમ્યાન આપને આકસ્મિક કોઈ લાભ- ફાયદો નોકરીમાં થાય જેમને નોકરી ન હોય તેમને નોકરીની તક પ્રાપ્ત થાય નોકરી- છૂટી થઈ ગયો હોય તેમને નોકરીની આવકની શરુઆત થાય. બદલી- બઢતી- માન- સન્માનથી તમે આનંદમાં રહી શકો. તમારી તેમજ પરિવારની સુખસંપત્તિમાં સવલતોમાં વધારો થાય. આંતરરાષ્ટ્રીય કંપનીમાં નોકરી કરનારને અન્ય સંસ્થામાંથી ઓફર આવે, સ્થળ, સ્થાનની ફેરફારી થાય. નોકરીની ફરજના અનુસધાનમાં પરદેશ જવાનું થાય, જાન્યુઆરી, ફેબ્રુઆરી ૨૦૧૩ દરમ્યાન કામની વ્યસ્તતા રહે. શ્રમ- થાક, અનુભવાય પરંતુ તમારી મહેનતની સાર્થકતા થતી જાય. લાભ- ફાયદો મેળવવામાં વિલંબ જણાય પરંતુ લાભ- ફાયદો જરૂરથી થાય. સરકારી નોકરી હોય ખાનગી સંસ્થામાં નોકરી હોય પરંતુ આ વર્ષ જેમ જેમ પસાર થાય તેમ તેમ તમારા હૃદય-મનની પ્રસન્નતા, નોકરીમાં કામ કરવાનો ઉત્સાહ, ધગશ વધતા જાય, યંત્ર- સાધન, ઈલેક્ટ્રીક કે ઘાતક પીડા થાય તેવા ક્ષેત્રમાં નોકરી કરનારને જુલાઈ, ઓગસ્ટ, સપ્ટેમ્બર મહિનામાં બીમારીથી, ઈજાથી તકલીફ અનુભવવી પડે, વાહન અકસ્માતના, બીમારીથી, ફ્રેક્ચરથી કે પારિવારિક ચિંતા, બીમારીથી ઉપરોક્ત મહિના દરમિયાન સંભાળવું પડે.

## ધંધામાં વર્ષ કેવું પસાર થાય ? :

વર્ષારંભે તા. ૨૩-૧૨-૨૦૧૨ માગશર સુદ અગિયાર સુધી ધંધાકીય કામકાજમાં જોખમી નિર્ણયો કરવા નહીં. શેરોના વાયદાના, માલની ખરીદીના, ભરવાના નિર્મય તમને નુકસાનકર્તા રહે. જેમની જન્મકુંડળીમાં ઋણયોગ, નુકસાનીનો યોગ હશે તેમને ઉપરોક્ત સમય દરમ્યાન નસીબ યારી આપે નહીં. કાનુની કાર્યવાહી, ઈન્કમટેક્સ સેલ્સ ટેક્સના કે અન્ય ખાતાકીય તપાસમાં આપ મુશ્કેલી અનુભવો. અન્યના ધંધાની તપાસમાં તમારા ધંધાના સ્થળ- ઘર સુધી ખાતાકીય તપાસ થાય. અન્યની દેખાદેખીમાં, પારવલંબી રહીને ધંધો કરનારને નુકસાન સહન કરવું પડે. તમે ધંધો કરતા ન હોવ અને બીજાને ધંધો કરવા, કમાણી કરી આપવા નાણાં આપેલા હોય તો તમારા નાણાં ફસાઈ જાય. આવક થવાના બદલે નુકસાનીમાં ને નુકસાનીમાં દેવું વધતું જાય. તા. ૧૨-૪-૨૦૧૩ સુધી ધંધામાં લાલબત્તી સમજીને વિચારપૂર્વક સાવધાનીથી ધંધો કરવો હિતાવહ રહેશે. કાકાબાપાના સંયુક્ત ધંધામાં ભાગીદારીવાળા ધંધામાં તેમજ એક ઉપરાંત ધંધાની વધારે શાખા- સ્થળ ધરાવનારને નહીં ઘરના કે નહી ઘાટના જેવી પરિસ્થિતિમાં ધંધો- આવક ગુમાવવા પડે. તે સિવાય વહેંચણી- વેચાણનો પ્રશ્ન વિવાદ, ખેંચતાણને અંતે ઉકેલાય અશક્ય લાગતી કામગીરી મે, જૂનમાં સફળ થાય. વર્ષના ઉત્તરાર્ધમાં ધંધો આવક થાય તેમ છતાં હૃદય-મનને સંતોષ આનંદ જણાય નહીં. કાકાબાપાના, ઘર પરિવારના સંયુક્ત ધંધામાં મકાન બાંધકામનો ધંધો હોય, ટ્રાવેલ્સનો ધંધો હોય, સોના ચાંદીનો ધંધો હોય તો તેમાં આ વર્ષ તકલીફનું રહે. વિદ્યાસંસ્થા હોય તો તેમાં હરીફવર્ગના કારણે, સ્ટાફના કારણે, સરકારી ખાતાકીય કામગીરીને પરિણામે તમને શાંતિ, રાહત જણાય નહી. તાંબાના, ધાતુના, ખાણીપીણીના ધંધામાં માર્ચ- એપ્રિલ મહિનામાં સંભાળવું પડે ખેતીવાડીનું કામ કરનારે, અનાજના, ફળ, ફુલના સોદા કરનારે ઓગષ્ટથી ઓક્ટોબર મહિના દરમ્યાન માલના બગાડના કારણ, ચોરીના કારણે, આગ, અકસ્માતના કારણે ધંધામાં, આવકમાં રૂકાવટ, ચિંતા, મુશ્કેલી અનુભવવી પડે. શેરોના, કમિશનના કામમાં ચિંતા રહે.

તા. ૩૧-૫-૨૦૧૩ પછી લોખંડ, પત્થર, કાચ, ચા, રસકસની ચીજવસ્તુમાં લાકડાના, ચામડાના, પુસ્તકોના વ્યવસાયમાં, કોમ્પ્યુટર, ઈલેક્ટ્રીક સાધનોના ધંધામાં ધંધો- આવક થવાથી રાહત રહે. હોટલ- મોટલના, ખાણીપીણીના ધંધામાં ધંધાની જગ્યા, ધંધા માટેનું વાહન ખરીદી શકાય. સંયુક્ત ધંધો હોય તો સ્વતંત્ર ધંધો શરુ થઈ શકે. પત્ની- સંતાન- પરિવારના સહકારથી તેમની અને તમારી મહેનતથી આ વર્ષમાં તમારી પરિવારની સુખસંપત્તિમાં વધારો થાય. કમિશન- દલાલી- એજન્સીની આવક, ધંધો વધતો જાય. જેમની જન્મકુંડળીમાં લક્ષ્મીયોગ થયેલો હશે તેમને વૈશાખથી આસોમાં ફસાયેલા નાણાં ઉઘરાણી છૂટી થાય તેમજ ચાલુ ધંધામાં પણ ધંધો આવક આનંદદાયક રહે.

## સ્ત્રી વર્ગ :

સ્ત્રી વર્ગને વર્ષ આરોહ- અવરોહનું રહે, સગા- સંબંધી મિત્રવર્ગના કારણે માતૃપક્ષની ચિંતાને લીધે તા. ૨૩-૧૨-૨૦૧૨ સુધી બંધનયુક્ત પરિસ્થિતિમાં સમય પસાર થાય. તા. ૨૩-૧૨-૨૦૧૨થી તા. ૩૧-૫-૨૦૧૩ દરમિયાન પતિ- સંતાન, પરિવારના પ્રશ્નમાં, પોતાના આરોગ્યની બાબતમાં ચિંતા- વ્યગ્રતા, ઉચાટ- ઉદ્વેગ અનુભવાય. માર્ચ- એપ્રિલ- મે મહિનામાં વ્યવહારિક, સામાજિક, કૌટુંબિક પ્રશ્નમાં શાંતિ- રાહત જણાય નહીં નોકરી, પરિવારની જવાબદારીમાં સૂડી વચ્ચે સોપારી જેવી પરિસ્થિતિમાં વિવાદ આક્ષેપ અપયશમાં સમય પસાર કરવો પડે પરંતુ પતિ- સંતાનના સહકારથી રાહત રહે. આ વર્ષમાં અવિવાહિતને વિવાહ લગ્નનું નક્કી થાય. અન્ય જ્ઞાતિમાંથી મિત્રવર્ગમાંથી વિવાહ લગ્નનું નક્કી થાય.

## વિદ્યાર્થી વર્ગ :

વિદ્યાર્થી વર્ગને વર્ષારંભે વિદ્યાભ્યાસમાં તકલીફ પડે. શારીરિક, માનસિક, અસ્વસ્થતાના કારણે ભણવામાં એકાગ્રતા જળવાય નહીં આંખની દર્દપીડાથી, વાહનથી, પડવા વાગવાથી, ફ્રેક્ચરથી સંભાળવું પડે તે સિવાય મિત્રવર્ગના વિચારોમાં, સંગતમાં પરીક્ષાનું પરિણામ નબળું આવવાથી ઈચ્છિત વિદ્યાશાખાની પસંદગી થઈ શકે નહીં. માર્ચ- એપ્રિલ મે મહિનામાં અવશ્ય ધ્યાન રાખવું, અભ્યાસમાં આળસ કરવી નહીં, જુન મહિનો સાનુકૂળતાવાળો રહે તા. ૧૬ જુલાઈથી પ્રતિકૂળતા જણાય.

## ખેડૂત વર્ગ :

`ખેડૂત વર્ગને શિયાળુ ખેતીમાં ખર્ચ, ચિંતા, દોડધામ રહે, ખેતીમાં, તૈયાર પાકમાં તેમજ વેચાણમાં નુકસાન થાય નહીં તેનું ધ્યાન રાખવું પડે. નવી જમીન, વાહન ખરીદવાની ટ્યુબવેલ બનાવવાની પાકની ફેરબદલીની ઉતાવળ કરવી નહીં. તા. ૩૧-૫-૨૦૧૩ સુધી થોભો અને રાહ જુઓની નીતિ અપનાવવી બેંક, લોન, સરકારી- રાજકીય, કામગીરી વ્યવહારિક, સામાજિક, કૌટુંબિક કામગીરીમાં ચિંતા- રૂકાવટ મુશ્કેલી છતાં વર્ષનો ઉત્તરાર્ધ સાનુકૂળતાનો પસાર થતા આવક થાય, આનંદ રહે ઘર- પરિવારના પ્રશ્નો ઉકેલાય. સગા- સંબંધી મિત્ર વર્ગમાં મનદુ:ખ થયેલ હોય તો તે દૂર થાય. નવા સંબંધો બંધાય.

## ઉપસંહાર :

આપના માટે આ વર્ષ બે તબક્કામાં વહેંચાયેલું રહે પરંતુ તા. ૨૩-૧૨-૨૦૧૨ પછી જેમ જેમ સમય પસાર થાય તેમ તેમ તમારા ચિંતાજનક પ્રશ્નો એક પછી એક ઉકેલાતા જાય. તમારા કાર્યક્ષેત્રમાં તમે હળવાશ રાહત અનુભવતા જાવ. તમારી આવકમાં વધારો થાય. શુભકાર્ય- ધર્મકાર્ય થઈ શકે. પત્ની, પુત્ર- પૌત્રાદિકની ચિંતા ઉકેલાય, મકાન- વાહન- મીલ્કત અંગેના પ્રશ્નો ઉકેલ આપના આપ હળવાશ રાહત અનુભવો જેમનું જન્મવર્ષ ૨૫, ૩૩, ૩૪, ૩૫, ૫૦, ૪૫, ૫૭ આ વર્ષમાં પસાર થાય ત્યારે તેમને આકસ્મિક કોઈ લાભ ફાયદો થાય, સારી તક પ્રાપ્ત થાય.